Sc

[A-27]

SEAT No.________

No. of Pages : 02

# SARDAR PATEL UNIVERSITY

FYBA (External) Examination

Day : Monday Date : 08-04-2019

Session : Morning Time : 10.00 am to 01.00 pm

Subject Code : Guj 100 Gujarati (Compulsory) (Old)

(૧) પૂર્વાલાપ (૨) પાદરનાં તીરથ

Total Marks : 100

---

નોંધ : દરેક પ્રશ્નના ગુણ સરખા છે

પ્ર.૧ નિચેનામાંથી ગમે તે એક વિશે નિબંધ લખો (૨૦)

૧. જીવનમાં પુસ્તક અને પ્રકૃતિનું મહત્વ

૨. વર્તમાન પરીક્ષા પધ્ધતિ

૩. જાગ્યા ત્યારથી સવાર

૪. પર્યાવરણના પ્રશ્નો અને ઉપાયો

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો (૨૦)

સમયની મૂડીતો દરેક પાસે સરખી જ હોય છે. પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. કોઇ વ્યક્તિ તેને કરકસરથી યોજના પૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે. જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારી પણે વેડફીનાંખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી તેને કશું જ વાપરતાં આવડતું નથી જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત જ કમાણી છે. નવો સમય કોઇને મળી શકતો નથી એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઇ શકે અને જેની પાસે વધુમાં વધુ સમય જમાં થાય તેની પાસે શક્તિ પણ જમા થાય સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

– મોહમ્મદ માંકડ

અથવા

પ્ર.૨ ઉપરનો ગદ્યખંડ વાંચી નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) સમયની મૂડી વ્યક્તિ કઇ રીતે ખર્ચે છે ?

(૨) સમયની મૂડી ખર્ચવાની રીતનાં કેવાં કેવાં પરિણામો આવે છે ?

(૩) વ્યક્તિની સાચી કમાણી કઇ કહી શકાય ?

(૪) સમય અને શક્તિનો બચાવ કઇ વ્યક્તિ કરી શકે ?

(૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્ર૩. 'પાદરના તીરથ' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો (૨૦)

અથવા

પ્ર૩. નીચેના વિશે નોંધ લખો

(૧) 'પાદરના તીરથ' નવલકથાનો અંત

(૨) ડૉ. નગીનદાસનું પાત્રાલેખન કરો



(P.T.O)

(પાછળ જુઓ)

પ્ર.૪ કાન્તના 'પૂર્વાલાપ'નાં અભ્યાસનિયત પ્રણયકાવ્યોની રસલક્ષી ચર્ચા કરો. (૨૦)

અથવા

પ્ર.૪ નીચેના કાવ્યોનું રસદર્શન કરાવો.

(૧) કલાપીને સંબોધન

(૨) અતિજ્ઞાન

પ્ર.૫ અભ્યાસ નિયત પાઠ્ય પુસ્તક રહી ન જાય એ રીતે નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના ટૂંકા મુદ્દાસર જવાબ આપો. (૨૦)

(૧) ફોજદાર જગદીશને શા માટે મુક્ત કરે છે ?

(૨) હિટલરના જીવનમાં શું બન્યું હતું ? જે ને કારણે તે ગાંડો થઈ ગયો હતો.

(૩) રંજાડા ગામમાં પોલીસ અમલદારો કેવા કેવા અત્યાચારો ગુજારે છે ?

(૪) માસ્તર ધીમે પગલે બંગલી તરફ વળે છે ત્યારે શું ઘટેલું જુવે છે ?

(૫) 'મારીકિસ્તી' કાવ્યનો ધ્વનિ શો છે ?

(૬) 'ઉપહાર' કાવ્યમાં કોને કયો ઉપહાર અપાયો છે.

(૭) 'મહેમાનોને સંબોધન'માં કવિ મહેમાનો ને શી વિનંતી કરે છે ?

(૮) નિરંતર પ્રણયસુખ માટે ચક્રવાકી કયો ઉપાય સૂચવે છે ? ચક્રવાક એનો શો પ્રત્યુત્તર આપે છે ?

----------X-----------X-------------X----------